# જાહેર નિવિદા
# ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
# આદિજાતિ વિકાસ વિભાગ
# બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦-એ
# ગાંધીનગર.

## સંકલિત ડેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૨ - ૨૦૨૩
## લાભાર્થી પસંદગી માટેની જાહેરાત

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૩મા સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ પાત્રતા ધરાવતા આદિજાતિ મહિલાઓને દુધાળું પશુ લાભાર્થી દીઠ આપવામાં આવશે. જે આદિજાતિ મહિલાઓ આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ www.dsagsahay.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટે સંબંધિત VCE, ઈ–ગ્રામ કેન્દ્ર, ગ્રામ પંચાયતના કોમન સર્વિસ સેન્ટર, સાયબર કાફે તથા ઈન્ટરનેટ કનેકશન અને સ્કેનર ધરાવતા કોઈ પણ કોમ્પ્યુટર ઉપરથી કરી શકાશે.

| | |
|---|---|
| ઓનલાઈન અરજી શરૂ થવાની તારીખ | ૧૮/૧૦/૨૦૨૨ |
| ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ | ૧૮/૧૧/૨૦૨૨ |

**સંકલિત ડેરી વિકાસ યોજના માટેના જીલ્લા**

(૧) બનાસકાંઠા (૨) સાબરકાંઠા (૩) અરવલ્લી (૪) મહીસાગર (૫) પંચમહાલ (૬) દાહોદ (૭) છોટાઉદેપુર (૮) નર્મદા (૯) ભરૂચ (૧૦) તાપી (૧૧) સુરત (૧૨) નવસારી (૧૩) વલસાડ (૧૪) ડાંગ

લાભાર્થીની પાત્રતા

૧.૦ થી ૨૦ નો બી.પી.એલ સ્કોર ધરાવતા આદિજાતિ મહિલા.

અરજદાર માટેની સૂચના

૧. લાભાર્થીએ રૂ. ૨૫૦૦/– લાભાર્થી ફાળો આપવાનો રહેશે.
૨. લાભાર્થીએ દુધાળા પશુ અંતર્ગત ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા આપવામાં આવતી રૂ. ૨૨,૫૦૦/– લોન ભરવાની રહેશે.
૩. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ પછી અરજદાર અરજી ફરી શકશે નહિ.
૪. દુધાળા પશુની સાથે સાધન સહાય (ખાણદાણ અને વાસણકીટ) મળવા પાત્ર થશે.
૫. યોજના હેઠળ માત્ર ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવશે. કોઈપણ કચેરીએથી અરજી ફોર્મ વિતરણ કરવામાં આવનાર નથી.
૬. અરજી માટેના આધાર પુરાવા (રાશનકાર્ડ, આધારકાર્ડ, બી.પી.એલનો દાખલો, દૂધ મંડળીનો સભાસદનો દાખલો. બાંહેધરી પત્ર, પ્રોમીસરી નોટ અને પાસપોર્ટ સાઇઝનો ફોટો).

**મુખ્ય કારોબારી અધિકારી**
**ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**
**ગાંધીનગર**

માહિતી/૧૭૬૦/૨૨-૨૩